**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૯/૦૧/૨૦૧૬ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી ૨૨૮ લીટર દેશી દારૂ, ૧૦ ઈંગ્લીશ ક્વાર્ટર દારૂ, ૨૪ બિયર ટીન, ૧ ઓટોરિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૫,૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૭/૧૬**

**ગુજરાત યુનિવર્સિટીઃ** વિપુલ મહાદેવ પટેલ (રહે.વંદે માતરમ ગ્રીન કલાસાગર મોલની પાસે સત્તાધાર ઘાટલોડીયા) તા.૫/૧/૧૬ કલાક ૧૨/૦૦ થી બપોરના ૩/૩૦ વાગ્યા દરમ્યાન એજ્યુકેશન ગ્રાઉન્ડ ખાતે "ખાધ્ય ખોરાક ૨૦૧૬" મેળામાં ગયા હતા ત્યારે અજાણી વ્યક્તિએ વિપુલ પટેલના ખીચામાંથી મોબાઈલ ફોન નંગ-૮ કિમત રૂપિયા ૧,૭૨,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ વિપુલ પટેલે ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે આર ભાચકન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)